૪૩૪૩

ગરબાવળી.

કવી દલપતરામની બનાવેલી.

સરવે શીખીલા સજનોને વાસ્તે

છપાવી પ્રસિધ્ધ કરનાર.

શા૦ હીલાભાઇ દલપતરામ.

अमदावाद मध्ये.

“અમદાવાદ સમાચાર” પ્રેસમાં શા. હીલા

ભાઇ દલપતરામે છાપ્યું.

આવૃતિ ૧ લી — પ્રત. ૨૦૦૦

પ્રવાસ ૧ લો — અને ૧૮૫૦.

કિમત ૦—૩—૦

૪૩૪૩

અનુક્રમણિકા*

ગરબી. પ્રષ્ટ.
૧ આલ વિશે... ... ...૫
૨ છોડીયોને ભણુવા વિશે ૫
૩ ગોરચો વિશે ૬
૪ સુંદરબાઈને સાસરે જતાં શીખામણ ૮
૫ સજનીને શિખામણ ૧૦
૬ ઘેલીની મુસાફરી ૧૧
૭ ફુલણજીની ગરબી ૧૨
૮ શિયળ વિશે ૧૩
૯ સ્ત્રીને ભણુવા વિશે ૧૪
૧૦ સાત વારનાં વખાણ ૧૪
૧૧ ભુંડી ભારજા વિશે ૧૫
૧૨ દુસ્ટ નર વિશે ૧૬
૧૩ દેશીઓએ ઉદ્યમ કરવા વિશે ૧૭
૧૪ મુવા પાછળ ન રોવા વિશે ૧૮
૧૫ શિયળનુ ધોળ ૧૮
૧૬ લગનમાં રૂટાણુ ન ગાવા વિષે. ... ૨૦
૧૭ સંપ વિષે ૨૧
૧૮ કેફ ન કરવા વિશે ૨૨
૧૯ કેફીની સ્ત્રીનો પસ્તાવો ૨૩
૨૦ કેફીના ઘરનો હેવાલ.
૨૧ સજ્જનોએ કેફ કરવાનો વિચાર ન રાખવો ૨૫
૨૨ કેફના અવગુણ વિશે. ૨૬
૨૩ કાળીકાળમાં કેફીને ચતવણી. ૨૭

૨૪ ફેસીની બધરીના મહિમા ૨૯
૨૫ ફેસીના અવગુણ વિશે. ૩૨
૨૬ સારા માણસે ફેસીનો સંગ ન કરવો ૩૩
૨૭ ભરથાર વશ કરવા વિશે. ૩૪
૨૮ રામચંદ્ર અને સીતાના કાગળ ૩૫
૨૯ સીતાજીના કાગળનુ ધોળ ૩૭
૩૦ જ્યારે રામચંદ્રજી તથા લક્ષમણ વનવાસ ચાલ્યા ત્યરે સીતાજીએ કહ્યુ કે હુ પણ સાથે આવીસ તે સમે રા રામચંદરજીએ કહ્યું કે તમે પીયર જાવ તે સમેનુ ધોળ. ૩૯
૩૧ સીતાના જવાબનું ધોળ. ૪૧
૩૨ સુધરેલી સ્ત્રી વીશે. ૪૨
૩૩ વેહેમ તજવા વિશે. ૪૩
૩૪ કરોધ વિશે. ૪૪
૩૫ જ્યારે સીતાજી પરણીને ઉઠયાં ત્યારે પોતાની બેનપણીને પોતાના હરખની જે વાત કહી તે ગીત- ૪૬
૩૬ રૂષણુ તોડવા વિશે. ૪૮
૩૭ ઊદેપુરના રાણાનો ગરબો. ૫૦
૩૮ પ્રભાતીયું ૫૧

ગરબાવળી.

ચાલ વિશે ગરબી.

ચાલો તમે ચાલ ગણી રૂડી;
મુકી દેવી વાણી હોય ભુડી. ચાલો. ૧
રમવું તો ડાહયાની સાથે;
કે કજીયો નહી આવે માથે. ચાલો. ૨
વસ્ત્ર વગરનાં નહીં ફરીએ;
મા બાપનું બોલ્યું મન ધરીઓ, ચાલો. ૩
સુંડી પાળી સાથે નહી રમીએ;
ખોલેલું વહાલાંનું ખમીએ. ચાલો. ૪
બિજા જેવું કંઈ લેવા માટે;
ન લડીએ મોટાની સાથે, ચાલો. ૫
સાચું બોલે તેતો સારી;
જુઠે તો દુખ થાશે ભારી. ચાલો. ૬
વિધા ભણશે તે સારી;
તેનાપર જઈએ બલીહારી. ચાલો. ૭
ધંધા વગરનાં નહી ફરીએ;
મેહેતાજીની શિક્ષા મન ધરીએ ચાલો. ૮

છોડીઓને ભણવા વિશે. ગરબી.

બેહેનો તમે ભાવ સહીત ભણજો;
ગાંડા લોકો નિંદે તે નવ ગણજો, બેહેનો. ૧
ભણે તેતો ભગવતને ભાવે, એથી દીલ શાન અધીક આવે
તજી અવગુણ સદગુણ લાવે, બેહેનો०

ભણે તોતો અપજસથી ભાગે; જેને ધણી લાજનો ખપ જાગે;
મોટી સતીઓનું પદ માગે. બેહેનો. ૧
દુરાચાર હોય ન ભણે તેમાં, જગા જુઓ કેદી રહે જેમાં,
અધીક તો હશે અભણ એમાં. બેહેનો. ૪
ભણેલી હતી રૂકમણી રાણી, મીરાંબાઇ મુલકમાં વખણાઈ;
જેની કવિતા જગ સઊ જાણી. બેહેનો, ૫
સ્રીયાને પાપ ભણે લાગે, એવું કોઇ લખી ન ગયા આગે;
મોડે બોલનારી જુતી માગે. બેહેનો, ૬
ભણ્યા વિના કયાંથી અકલ આણે નીતિની રીતી તે કયમ જાણે
ભણ્યાં વિના નર પશુ પ્રમાણે. બેહેનો, ૭
ભણી ગણી નગરની નારી, શી રીતે નહી કહીએ સારી;
ચતુર લેજો ચિતમાં વીચારી. બેહેનો. ૮
ભણો તમે આળસ ભ્રમ છોડી, થશે તેથી લાજ નહી થોડી
કહે દલપત બેઊ કરજોડી. બેહેનો. ૯

ગોરચો વિશે ગરબી.

(લાવ લાવ સખા એક કાગળ લખીએ હરીનેરે.) એ રાગ.
અમદાવાદ નામે સારૂ સેહેર છે સારૂરે;
રાજા કંપની કેરૂ રાજ પ્રજાને પ્યારૂરે, ૧
ચઊટા વચે માણેકચોક, શોભા સારીરે;
વસે લક્ષપતી બહુ લોક વડા વેપારીરે. ૨
નદી સાબરમતી વેહે નીર, શેહેર સમીપેરે;
દેવતાઓના તેહને તીર, દેવળ દીપેરે. ૩
એવી જુગતીયો જોતાં અનેક, મન લાગે મીઠુંરે,
પણ અચરત મોટું એક, દ્રષ્ટીએ દીઠુંરે. ૪
તિથી તેરસ મેહેલે પક્ષ, અશાડી આવેરે;

ત્યારે ગોરય પુજાનો લક્ષ છોડીયો લાવેરે, ૫
પાંચ દિન લગી એક અંન, મોળુ જમે છે રે;
મોહટો હરખ ધરીને મંન, રોજ રમે છેરે. ૬
પુજે વાવી જવેરા ઘેર, ગોરય રીઝાવેરે;
જાય પ્રીતે મળી બહુ પેર, નદીએ નહાવારે. ૭
અન્યો અન્ય કરે ઉદમાત, નઠારૂં બકેછેરે;
ગઈ ગોરય પુજાની વાત, છાકી છકે છેરે. ૮
જેવી હોય હોળીની ગેર, તેથી અતીશેરે;
બોલે ભડવાની પુત્રીઓ પેર દુષ્ટ ત્યાં દીસેરે. ૯
તેના માત પિતાને ભાત, પુરાં હશે પાજીરે;
જ્યારે સાંભળતાં હશે વાત, થતાં હશે રાજીરે. ૧૦
કોઈ સાહેબ એવી વાત, જુએ એ રીતરે;
તેનાં માત પિતાની જાત, પુછેછે પ્રીતેરે, ૧૧
ત્યારે કેવી વધે છે લાજ, ગળે સાબાશીરે;
એવા નિર લોકો આજ, શેહેરના વાશીરે. ૧૨
કરૂં વિનતી સમાચાર પત્ર, શ્રવણુ ધરજેરે;
તેના નામ લખી સરવત, જાહેર કરજેરે. ૧૩
ઘણી નિંદાના લખજે સ્લોક, દેખાડજે નીતીરે;
જેથી લાજ પામે એ લોક, તજે એ રીતીરે. ૧૪
હવે કહુછું જોડીને હાથ, વિવેકીને ગગવારે;
એવી નીરલજ છોડાયો સાથ, જાવું ન રમવારે. ૧૫
લઈને ગોરયપુજાનું નામ કામ એ કરવુંરે
મોટું પાપ ઠરે તે ઠામ, દીલમાં ડરવુરે. ૧૬
ધરી મોટો હરખ મનમાંહી, વરતે દીન જદીરે;
પણ કુટયા રોવાનું કાંઇ, ન કરવું તે દીરે. ૧૭
છોટપણુમાં પડે જે ટેર, ટળે નહી ટાળીરે;

માટે નિતી શીખો તતખેવ, બોલો સંભાળીરે. ૧૮
કદી પુરીયે નહી કોઈ દીન, સાવચદી જુઠીરે;
લઈએ પરમેસ્વરનું નામ, પ્રભાતે ઉઠીરે. ૧૯
પતી માત પીતાની શેવ કોડે કીજેરે;
જેથી દલપતરાંગનો દેવ, દીલમાં રીઝેરે. ૨૦

સુંદર બાઇને સાસરે જતાં શીખામણ. ગરબી. ૪

(અચકો ગચકો કારેલી) એ રાગ.

સુંદરબાઈ ચલ્યાં સાસરીએ,
માબાપ શીખામણ આપે બેહેન,
લાજ વધારજો લાખેણી. ટેક.
નીચા કુળની નિરલજ નારી,
ભરથારનું વેણ ઉથાપે બેહેન. લાજ. ૧
સાસુજી કહે તે સાંભળજો,
કોઈથી વઢવાડ ન કરસો બેહેન. લાજ૦ ૨
સાંખી રેહેજો બોલ્યું સહુનું,
અભીમાન અંતર ના ધરશો બેહેન લાજ૦ ૩
ઘરમાં બેઠાં ધંધો કરીએ,
પરઘેર ઘણું ના જઈએ બેહેન. લાજ૦ ૪
તમે ભણ્યાં ગણ્યાં બહુ છો ડાહયાં,
તમને ઝાઝું શું કહીએ બેહેન. લાજ૦ ૫
મેલાં ઘેલાં તો નવ રહીયે,
ચટકા મટકા નવ કરીએ બેહેન. લાજ૦ ૬
કોઈ વાત કરે વાંસે લોકો,
તેવું કદીએ નવ કરીયે બેહેન. લાજ૦ ૭

જે સપુત છે છોડી સારી,
મા બાપની લાજ વધારે બેહેન, લાજ૦ ૮
ભણી લોહ તણું સોનું કરશે,
સોબતીને એમ સુધારે બેહેન. લાજ૦ ૯
જે સંપ સગાથી તોડે છે,
તે કોઇ વાર હાથ ઘસેછે બેહેન. લાજ૦ ૧૦
જે સઉનું સાર ઈચ્છે છે,
તેના દલમાં દેવ વસેછે બેહેન. લાજ૦ ૧૧

સજનીને શીખામણ. ગરબી ૫

(ફેફ ન કરીએજી.) એરાગ.

સાંભળ બેહેન શીખામણ સારી, તેછે સાતર તારીજી;
સુખ સંપતી સતકીરત સેવીશ, માનીશ વાત અમારી,
સુણજો સજનીજીરે.
સજ સઘળાંથી પેહેલાં જાગો. પ્રીત સહીત પ્રભાતેજી.
આળસને તો મેલો અળગી, વળગી ન રહો વાતે. સુ૦ ૨
પ્રારથના પરમેશ્વરની કરી, ઘરધંધામાં ઘસીયેજી,
જ્યાં સુણીયે ઉપદેશજ ઉલટો ત્યાં વાસો નહી વસીયે. સુ૦
જે નારી વદકારી નઠારી લડશે લાજ વિસારીજી,
તો તેનાથી તુરતજ પાછાં, હઠીયે હિમત હારી સુ૦
લટક ચટકની ચંચળ ચાલે, ચઉટામાં નહી ચાલોજી.
સદાચરણ વીના સુવરણનો ઠાઠ ન કરીએ ઠાલો. સુ.
પાણી પેહેલાં પાળો ચણીયે, ભણીયે ગણીયે ભાવેજી.
ખુબ કરજની ખાણ ન ખણીયે, જેથી નિંદ્રા ન આવે. સુ.
આવકનો અડસટો જોઇને, જાવક કરીયે જાણીજી,

આવકથી અદકુ ખરચવે ઘર જાવાની નીસાની. સુ૦
દીલમાં થઇ મગરૂર ન ડોલે, બોલ ન બોલે બળમાંજી.
માન ઘટે અભીમાન ધરયાથી, ઘટે પ્રતીષ્ટા પળમાં સુ.
નમ્રપણામાં અમ્રત સરખો, સ્વાદ વસે છે સારોજી,
મગરૂરીમાં રસ નથી મીઠો, ખોટો તીખો ખારો. સુ.
હરખ હમેશ હઈયામાં ધરીયે, કદીયે કલેશ ન કરીએજી.
માણસનું જીવતર છે મોઘું, જાઢે ન નાંખે જરીએ. સુ.
સુધરેલી સુંદરીયો સાથે, નામ ગણાયે જેનુંજી.
દલપતરામ કહે દુનીયામાં, ધન ધન જીવતર તેનું, સુ.

ઘેલીની મુસાફરી.

(સમી સાંજના ચોર છપાયારે લઈ બામણીયા. એરાગ

એક હતી મુસાફર ઘેલી રે શુણો સાહેલીયો;
તેની આગળ એક તપેલીરે શુણો સાહેલીઓ. ૧
ગઇ રાતની રાખી એઠીરે શુણો સાહેલીયો;
ઉઠી પ્રભાતે માંજવા બેઠીરે શુણો સાહેલીયો. ૨
ઘણી રીતે ઘશી ઘશી થાકીરે શુણો સાહેલીયો
બહુ ડાઘા રહ્યા તોપ બાકીરે શુણો સાહેલીઓ. ૩
પુરી રીશે તપેલી ઊપાડીરે શુણો સાહેલીઓ.
સામી ભીતની સાથે પછાડી રે શુણો સાહેલીયો ૪
લઈ પથરો તપેલીને કુટીરે શુણો સાહેલીયો.
પડયાં કાંકાં તપેલીતો ફુટી રે શુણોસહેલીયો. ૫
થયા બપોર ભુખતો લાગીરે સાહેલીઓ
પછી વાસણુ માગવા લાગીરે શુણો સાહેલીયો ૬
એને વાસણુ આપે કોઇરે શુણોસાહેલી;
પછી રાગ તાણી ઘણું રોઇરે શુણોસાહેલીયો. ૭

તોએ થઈ ન તપેલીતો સાજીરે શુણો સાહેલીયો,
હશે લોકને તે મરે લાજી રે શુણો સાહેલીઓ. ૮
જેથી આપણો સ્વારથ જરીયેરે શુણો શાહેલીયો;
તેના ઉપર ક્રોધ ન કરીયેરે શુણો સાહેલીઓ. ૯
લાત દુઝણી ગાયની ખમીયેરે શુણો શાહેલીયો;
તેને તજીયે તો દુધ ક્યાંથી જમીયેરે સુણો સાહેલીયો. ૧૦
કોઇની સાથે તુંકારે ન લડીયેરે સુણો સાહેલીટા
એમાં આપણે હલકાં પડીયેરે સુણો સાહેલીયો. ૧૧
સાંખી ચાલે તે માણુસ મોટું રે સુણો સાહેલીયો;
દલે સાચુ માનો નથી ઝોટુંરે શુણો સાહેલીયો. ૧૨

ફુલણજીની ગરબી. ૭

(વાલા તમારી જોઇને રહીશું વાટરે વાલાજી.) એ રાગ.

ફુલણજી તમે ફુલાવ્યા કેમ ફુલ્યારે ફુલણજી;
આ ઉપજ ખરચનો આડસટો કેમ ભુલ્યા મારા ફુલણજી.૧
કરજ કરીને વરા ભલા તમે કીધારે ફુલણજી;
આ ગરથ પરાયા ખરચીને જશ લીધા મારા ફુલણજી. ૨
આ ઘર વેચીને ઘી સાકર તો લીધાંરે ફુલણજી;
આ જમણ સરસ સામોવડીયાથી કીધાં મારા ફુલણજી. ૩
પીતાંબર પેહેરીરે પંગતમાં ફરીયારે ફુલણજી;
આ મનમાં ફુલ્ય કરી મુછે કર ધરીયા મારા ફુલણજી. ૪
વળતો દીવસ થયો કે માગે નાણુંરે ફુલણજી;
આ નાણાંનાં તો ન મળે કાંઇ ઠેકાણું મારા ફુલણજી; ૫
આ ફુલણજી ઉપર અરજી થઇ ત્યાંથીરે ફુલણજી;
આ જપત થઇ મિલકત કઢયા ઘરમાંથી મારા ફુલણજી.૬
ફુલણજી તમને જેણે ફુલાવ્યારે ફુલણજી.

આ તેતો કોઈ મદદ કરવા નવ આવ્યા મારા ફુલણજી ૭
ફુલણજી તો કુવો શોધવા ચાલ્યારે ફુલણજી;
આ ગરથ વિના તો અરીણુ ન કોઈએ આલ્યાં મારા ફુ. ૮
જમતી વખત વખાણુ ભલાં જે કરતારે ફુલણજી.
આ એ સહુ હાસ્ય કરી નિધા ઊચરતા મારા ફુલણજી. ૯
આ એ અવસર તો અધીક વખાણી ગાઆવ્યારે ફુલણજી૧૦
પેહેરયાં પટકુળ ને બાંધ્યા ચંદરવારે ફુલણજી;
આ ઘર બાળીને ચાલ્યા તીરથ કરવા મારા ફુલણજી. ૧૧
ફુલણજીની રાંડ રૂવે મોંહો વાળીરે ફુલણજી.
આ ફુલણજી સીધાવ્યા ટેકો ઢાળી મારા ફુલણજી. ૧૨
ભોળાને નરસી શીખામણ દેશેરે ફુલણજી;
તે નીસસાનું પાપ ઘણું શીર લેશે મારા ફુલણજી. ૧૩
દીલમાં દલપતની શીખામણ ધરજોરે ફુલણજી;
તો કરજ કરીને નાત વરા નવ કરશો મારા ફુલણજી ૧૪

શિયળ વિષે ગરબી. ૮

શિયળ તેણો મહીમા છે મોટો, ખોટો નથી ખરો છેજીરે;
વેદ પુરાણ કુરાન કીતાબે, અધીક અધીક ઊચરયા છે.
સુણજો સજનોરે- ૧
શિયળ બિના સદગુણ સઘળાથી, જરી નહી શોભાવેજી.
પાઘડી ટેહેરી પામરી ઓઢી ન શોભે નાગો બાવો. શુ. ૨
હાંડી ઝુમરૂખ તકતા માંડી, શોભાવ્યું ઘર સારૂજી;
દીવા વિના અંધારા ઘરમાં, સઊ દેખે અંધાર. શુ૦ ૩
સરવે અંગે સાજુ તાજુ, નાવ નવીન બનાવ્યુંજી.
પણ તેમાં એક છિદ્ર પડયું તો, તરીને તીરે આવ્યુ. શુ. ૪
પરમેશ્વરનું બહાનુ પકડે, શિયળ ન પાળે સાસુજીરે

કવાથ પીએને કરી ન પાળે, તો જીવ્યાનું કાચુ. ૫
પુન્ય દાન કે પ્રારથનાથી જારી પાપ નહી જાશેજી;
લાંચ શીપારશ લેશ ન ચાલે, પરમેસ્વરની પાસે. શુ૦ ૬
જો બાળપણથી ડહાપણમા, ખાંપણ મોટું મળશેજીરે;
બુઢાપણ આપણને આવે, તોપણ તે નહી ટળશે. શુ૦૭
શિખળ થકી સંપુરણ થાસે પરમેસ્વરની પ્રીતીજી;
દલપતરામ કહે દુનીયાંમાં, સુખદાયક શુભ નીતી. સુ૦૮

સ્રીને ભણવા વિશે ગરબી. ૯

તમે ભણો ભલી ભાત બાઈહીંદવાણી,
રહો શુખી દીન રાત બાઇહીંદવાણી;
જેથી રૂષ્ટ બુદ્ધિ જાય બાઈહીંદવાણી,
સઉથી સારી બુધિ થાય બાઈહિંદવાણી,
રાખો સંપ સગાં માંહી બાઈહિંદવાણી,
નહી કલેશ કરો કાંઇ બાઇહિંદવાણી,
સુખ સંપમાં સદાય બાઈહિંદવાણી,
ગુણવંત એમ ગાય. બાઇહિંદવાણી,
શીખો સારાં કામ કાજ બાઈ હિંદવાણી,
વધે લોક માંહી લાજ બાઈ હિંદુવાણી,
તજી પીયર માંહી નીતી બાઇ હિંદુવાણી;
રહો સાસરે સુ રીતી બાઈ હિંદવાણી,
કોઈ કરો કાંઇ બોધ બાઇ હિંદવાણી,
સુણી કીજીયે ન ક્રોધ બાઈ હિંદવાણી;
જાજે અકલ અભેવ બાઈ હિંદુવાણી,
દલપતરામ કેરા દેવ, બાઈ હિંદવાણી,

સાત વારનાં વખાણ. ૧૦

ભજીયે ભાવે ભગવાન તજી તુચ્છ સંગાથ.
સજીયે સામગ્રી સ્વરગની, હજીયે આપણ હાથ, ભ૦ ૧
આદીત ઊગ્યો આકાશમાં, કોઇ જન કેહેશે આફતાબ,
જુદો જરૂર ન જાણીએ, મતલબ સુરજ સાફ. ભ. ૨
સોમ સરીખા શીતળ બને, ગામ ધખંતા જે હોય,
સમજણ પામે જો શાસ્ત્રની, કલેશ ન પામે દીન કોય. ૩
મંગળ ચાહે સઊ મનુષનુ, આપણુ મંગળ થાય,
નરસે નરશુ ફળ પામીયે, એવું સમજીએ સદાય ભ. ૪
બુધજન બુદ્ધિ અતી શુદ્ધથી, કરી સુખ શાંતી વિચાર.
પ્રીતી રાખે પરીબ્રહ્મમાં, જે છે જગનો કરનાર. ભ૦૫
ગુરૂજન ખીજે ગુણ આપતાં, જરીયે કરીએ નહી સોક.
ધરીએ વિદ્યા નિતનિત નવી, ફરીએ હરીએ નહી ફોક, ભ૦
શું કરવા લડીયે લોકથી, ચડીયે પાધરી વાંટ,
ઘડીયે દીવશે ના ભુલીયે, ઘડીયે વિદ્યાના ઘાટ. ભ. ૭
શનીસ્વર થઈયે હરીસ્મરણમાં, તેવી રાખીએ ટેવ,
કઠણ સમે આવે કામમાં, દલપતરામનો દેવ ભ૦ ૮

ભુંડી ભારજા વિષે. ૧૧

ભાઇયો જેની ભારજા ભુંડીરે, તેને પીડા અંતર ઉંડી.
લાજ તજીને લડાઈ કરે નીત, બાળવા લોક ભરાય,
સારા મનુષના ઘરનું વગોણુ જોણુ જગતને થાય, ભાઈ.૧
જેમ બિલાડી ઊંદરને જુવે, એમ નાથ સામાં કરીને નેણ;
પગથીતે પ્રગટે માથા લગી એવાં વાંકાં કાઢેછે વેણ. ભા.૨
ચાર ઘડી પેઉ ચઢે ટળ ત્યારે સુખ બંનેને થ યા;

ઘડીયે આવીને ઘેર બેસે ત્યારે શેર લોહી સુકાય. ભા૦ ૩
પોહોર ચઢે દીન પોઢીને ઊઠે, ચોંપે લડાઇનો ખ્યાલ;
જો કોઇ લડનાર ન મળે તો પડતાજે પોતાનાં બાળ. ભ.૪
સ્નેહ કરી કદી સ્વામી સંઘાથે બેશી ન બોલે વાત;
ધુમાની પેઠે ધુંધવાતી, રહે રોષ ભરી દીન રાત, ભા. ૫
પેઉ થયા તો ઘણીજ પોતામાં, સમઝણુ જાણે સદાય;
દઈવ થાકે તો મનુંપના મુખની વાણી થકી શું થાય. ૬
પડીત શાસ્ત્ર ભણેલ પુરાણી મોટી સભામાં મનાય;
માન તજી ગુરખીના મોંઢાના તેજ ટુકાંરા ખાય. ભા૦૭
જેને વીતી હોય તે નર જાણે, આણે બીજા અહંકાર,
ડહાપણનો ધનવંત કહે કોઇ ગરવ ન કરસો લગાર. ભ.૮

દુસ્ટ નર વિશે ગરબી. ૧૨.

કહું નર દુષ્ટની કહાણીરે. સુણો સહુ સ્નેહતા આણી. ટેક.
મોડું વેહલુ કામ સુધરે કે બગડે, એ માણુસ માત્રનીરીત
પોતે કરયું તેતો પાધરૂ જાણે, નારીને મારે નીત. કહુ.૧
સાસુ નણુદ દેરાણી જેઠાણીના, સાચા જુઠા સુણી બોલ;
વાંક વિના વનીતાને તજે તો, તે નર ખરને તોલ. કહુ.૨
કાગડે ઘેરયું ઘુડ ફરે જેમ, ગોરી સદા ગભરાય;
ઘરનાં કરે સઉ દવેશ ઘણેરો, તેથી જુદો નવ થાય ક.૩
સાસુરીયાંની સાથે લઢી કાઢે, રાંડ ઊપર તે રીશ.
સારા મનુપની શિક્ષા ન માને. જેને રૂઠયા જુગદીશ. ક. ૪
માનીનું અપમાન કરે નીત, ગાય નડારી ગાળ;
તુચ્છ ગણી તીરસ્કાર કરે તો, તે નરનું મોં બાળ, ક. ૫
સમજુને રંટો તુરત ટળે, કોઇ ઘરકુ આવી કહે ઘેર.

ઊંકુ કહે કે આડું જુવે તેનો, પાર આવે શી પેર. ક. ૬
પોતે તો ખાય પીયેખાવું સારૂ, ને વસ્ત્ર ધરે શુભ રીત,
નારીને આપે નીત નઠારૂં, કહો કેમ પ્રગટે પ્રીત. કહુ ૭
સ્વામી સાંભળતે વાંક વિના આવી, કામનીની લાડે કોય,
સારી રીતે સમાધાન કરે નહીં, હોબડા જેવો હોય. ક. ૭
પીયરીઆં પટકુળ ન પુરેનો, સ્વામી કરે સંતાપ.
કહે ધનવંત એ કંથ રાડુંપે, પેસા બજનગનું પાપ, ક. ૯

દેશીઓએ ઉદ્યમ કરવા વિષે ગરબી. ૧૦

દેશી મિતરો દુખ સરવ ટાળોરે આપણા દેશનું;
કાંઈ કાજ કરો, રાજ નવલ આવ્યું છે હુનરનરશનું ટેક
પ્રથવા ગઈ પરદેશી હાથ, એ મોટી ભુલ તમો માથે
તમે સંપ ન રાખ્યો કોઈ સાથે. દે.૧
આ વખત જુઓ તમે વીચારી, નીરધન થઈ બેઠાં નરનારી
કાંઈ ધુળ ગળ્યા ધંધા ધારી. દેશી. ૨
તમે દિવસે શુનું દૂર ધરો, દીલ ખોલી ખુબ વિચાર કરો;
હવે જાગ્રત થઈ કાંઈ જુગતી કરો. દેશી
તમે સગાં કુટુંબમાં સંપ કરો, વળી દેવાદાર થતેજ ડરો,
તમે નીત ધટાડો નાત વરો. દેશી૦ ૪
ધન રળતાં વરત ગરત્ર છાંડો, તમે મોટાં કારજ નવ માંડો
તમે પરણ્યા પેહેલાં શીદ રાંડો. દેશી, ૫
વિધાનો સ્વાદ સદા ચાખો, મન ઊદ્યગમાં હરસીશ રાખો,
શીદ ભાગ્ય લખ્યું થાશે ભાખો. દેશી. ૬
પડતર જમીન ત ખેડવો, ઊગશે જો તાજુ વખત વાવો.
નિરઊધમીને ઊદમગાં લાવો, દેશી ૭

અદાલત અરજી અળસાવો, મુચ્છાઓને લાંચ ન સુપાવો;
નાતીલા પાસ કહ્યા હાવો. દેશી.૮
પરદેશી હુન્નર પ્રગટ કરો, સંચાને જંત્ર શીદ કરો,
દલપતની વિનતી દીલ ધરો. દેશી.

મુવ પછવાડે ન રોવા વિશે ગરબી. ૧૪

વાલાની વાંસે રાગ તાણી નવ રોવું,
જેથી તેને સુખ ન ઉપજે જીવમાં સમજી જોવું રે વાલા.
ગોવીંદજીએ કહ્યુ ગરૂડને, ફુટે રડે જે કોઈ,
મરનારાને મહા દુખ ઉપજે ભરે નીસસા રોઈરે, વાલા. ૨
લીંટ લાળ ને આસુ ઝરે તે. તે જમચર પાએ પુરાણે.
રોરવ મહારોરવના દુખથી એ દુખ અદકુ જાણેરે, વાલા.૩
લોક વખાણે કે ન વખાણે, ને સહુ સાખી રહીયે,
જો હઈયામાં હેત વધે તો, દુખ તેને શીદ દઇયેરે. વા. ૪
શતરૂતા સંપુરણ હોવ તો, રડો કુટો ન વિચારો,
જીવતાં વેર વળી ન શકતો, મરતા ને વળી મારોરે. વા.૫
કુકયા થકી જો કાંઈ દેખો તો કુટો લઈને પાહાણો,
શા માટે તમે કુટી શરીરમાં રોગ ઊપાવી આણોરે વા. ૬
એહેવી શોભા મેલો અલગી, વળગી રહોમાં વેહેમે,
જેથી સુખ ઊપજે એ જીવને, પુન્ય કરો કાંઇ પ્રેમેરે, વા.૭
રોશો પણ તેને નવ જોશો, ખોશો આંખ તમારી,
દલપતરાંમ કહે દીલ રોખીગાંનો શિક્ષા મારીરે, વા, ૮

શિયળનું ધોળ ૧૫

(શિયળ એટલે વ્યભીચાર અથવા છીનારૂ ન કરવા વિષે,)

બહુચર ભલે આવિયાં. એ રાગ.

શુણો સમજુ સકળ નરનારીયો,
મોટો શિયળ તણો મહિમાય, શિયળ પાળો સ્નેહથી.
જે કોઈ શિયળ સારી રીતે સાચવે,
સરવે સફળ મનોરથ થાય. શિયળ० ૧
સોના રૂપાની સોભા ન સમજીએ,
શોભા સરસ શિયળ શણગાર, શિયળ० ૨
જેવાં નકટાને ભુષણ નાંખીયાં.
એવાં શિયળ વિના નર નાર, શિયળ० ૩
વધે લાજ અધીક ઠીક લોકમાં
પરલોકમાં મુકતી મનાય, શિયળ० ૪
સુખ સંપતી શિયળની સેવીએ,
રીઝે જગકરતા જગમાંય, શિયળ० ૫
માટે શિયળ સરવ રીતે સાચવો,
તજો કામી હરામીનો સંગ, શિયળ. ૬
જરીએ ડરીએ ન મરણના ડર થકી,
ભારે ડરીયે શિયળ થતે ભંગ, શિયળ ૭
તજી લાજ.બે અદબી ન બોલીયે,
નહી ડોલીએ મદ છક માંહ. શિયળ ૮
નીચી નજરે સરળ રીતે ચાલીયે,
હાંશી મસ્કરી કરીએ ન કાંઈ, શિયળ ૯
ફાટી આંખે ફરે જે કોઈ ફાતડા,
તેનું દાટીએ માટીમાં મુખ, શિયળ; ૧૦
તજવી તજવી સોબત નીત તેહની.

જેણે લજવી જનેતાની કુખ. શિયળ૦ ૧૧
ભણવું ગણવું તો તેહનું ધન્ય છે,
જેણે કુળને લગાડયો ન ડાઘ, શિયળ૦ ૧૨
ભણી ગણીને શિયળ ન સાચવે;
એના ભણતરમાં ઉઠી આગ, શિયળ૦ ૧૩
હછયાફુટા બોલે બોલ હાંશીએ;
દેખી ફાંસાંને નાશીએ દુર, શિયળ૦ ૧૪
શિક્ષા સુંદર દલપતરામની;
જાણી કામની શીખો જરૂર, શિયળ૦ ૧૫

લગનમાં ફટાણાં ન ગાવા વિશે. ૧૬

(ધોળકામાં ધરમશી ફુલતો મેઘા ડમર ગાજે.] એ રાગ.
આવો સહુયર બાઈ બેનડી ગાઈએ ગીત રૂપાળાં;
મંડપમાં મેલો દીવડો, ભલાં થાય અજવાળાં. ૧
આંજ ઘડી આનંદની, આજ રજની રૂપાળી;
સોનાનો સુરજ ઊગીયો, આજ દીવસ દીવાળી. ૨
ગાઇએ ગીત ભલાં ભલાં, વેવણને હરખીયે;
બોલ બે અદબી ન બોલીએ, જેથી જાત લજવીએ, ૩
કોળી નાળીના કુળની એતો ગાય નઠારૂં;
આપણુ ઊતમ કુળનાં નહી ગાઇએ નઠારૂં, ૪
જાત્ય ને ભાત તો જાણીએ, બોલ બોલ જે ઘડીએ,
બોલે નઠારૂં તો નાયકા, એમાં આવા ન પડીયે, ૫
ઊતમ જાતની ઓરતો, બોલ ગાતાં લજવાશે,
મધ્યમ જાતની માનની, ગીત મશ્કરી ગાસે.
મશ્કરી મરજાદાની, આપણી આબ ન ખોબો,
જરૂર ફટાણા હોય જો, કહુ તેટલું બોલો. ૬

વેંવણુને કરો વાંદરી, ગાંઠ પુછડે વાળો,
વેરાગી કહાયે વેવાઇને ખાંધે કામળો કાળો. ૮
એવી અંધીક વીશે આચરે, નીચ જાતમાં ભળવા;
બાપ ભાઇ બેઠા સાંભળે, જેવા વેસ્યાના ભડવા. ૯
ધિક પડયો અવતારએ, શબ્દ શું કહીયે જાદા,
કામની નહી એતો કુતરી, મરદ નહી એતો માદા. ૧૦
મારી શીખામણ ગાઈયે, જેથી રામજી રીઝે,
દસકત દલપતરામના, દીલમાં લખી લીજે, ૧૧

સંપ વિશે ગરબી. ૧૭

દેશમાં સંપ કરોરે સંપ કરો,
હાંરે જે કોઈ સંપ તજીને સુખ માગે, તેના શુતેલા શતરૂ
જાગેરે, દેશમાં સંપ કરોરે સંપ કરો, ૧
હાંરે તજી સંપ લડાલડી આવે, તેમાં તુર્ત ત્રીજાનું ફાવેરે, દેશમાં સંપ કરોરે સંપ કરો.
હાંરે જે કોઇ વીધા જમીન સારૂ લડતા, રાજ ખોઈને રહ્યા
હવે રડતારે, દેશમાં સંપ કરોરે સંપ કરો. ૩
હાંરે હનુએ હઈએ વીચારી જોશો, ખરેખાત છે હાથમાં
તે ખોશોરે, દેશમાં સંપ કરોરે સંપ કરો. ૪
હાંરે તમે ટંટા ધરમના ટાળો, જે જે પારો લાગે તે ધર્મ
પાળોરે, દેશમાં સંપ કરોરે સંપ કરો. ૫
હાંરે છળ કપટ દગા દો છોડી, આખા દેશમાં થઇ આબરૂ
થોડીરે દેશમાં સંપ કરોરે સંપ કરો. ૬
હાંરે કરી સંપ કોઈ હુનર ઉઠાવો, દેશની વખ્ત ફેરવાવોરે
દેશમાં સંપ કરો રે સંપ કરો. ૭
હાંરે કોઈનું સારૂ દેખીને શીદ દાઝો, તેને બુડાડી મારવા

ન ખોઝાડે, દેશમાં સંપ કરોરે સંપ કરો. ૮
હાંરે માનો દલપતરાંમની વાણી, પક્ષપાત વિના સત્ય પ્ર-
માણીરે દેશમાં સંપ કરોરે સંપ કરો, ૯

કેફ ન કરવા વીષે ગરબી, ૧૮

તજો તમે કેફ કરમ કરવું,
જેથી થાવ મોત વિના મરવું. તજોતમે. ૧
નથી એમાં સ્વાદ કરયો સારો,
વિવેકની નજરેથી વીચારો,
દુખી થાસે કેફનો કરનારો. તજો તમે. ૨
પીશે જે જન મદીરા તાડી,
તેનાં ફળ દેશુ દેખાડી,
ઊંચે પદથી દેશે પાડી. તજો તમે. ૩
અફીણથી કંઈક ગયા ઊડી,
ગુમાવી ગાંઠ થકી મુડી,
મુવા દુખ દરીઆમાં બુડી, તજો તમે, ૪
મુરખને મુરખ મળે સંગી,
લિલાગર ભાંગ પીએ ભંગી,
અકલ હીણાં તે અડબંગી, તજો તમે, ૫
મદુતની માજમ જે ખાશે,
જરુર અકલ તેની જાશે,
સારા સારા લોકમાં નિંદાશે. તજો તમે. ૬
પીએ કોઈ ગાજો મજા જાણી,
ધુમાડો ખેંચે બળ આણી;
તેની તો અકલ વેચાણી, તજો તમે. ૭
તે સરવે રોગ કરે વનમાં,

એમ સાંભળ્યું વઈદો જનમાં,
મોટા તમે માની લેજો મનમાં. તજો તમે. ૮
ન ખાશો પાક કદી પ્રીતે,
તેથી ચતુરાઈ ઘટે ચીતે;
રેતું જો રૂડા માણસની રીતે. તજો તમે. ૯
પ્રભુ થકી જો દીલમાં ડરીયે.
કદી એવું કરમ નહી કરીએ,
શીખામણ સારી હૃદે ધરીએ- તજો તમે. ૧૦
બનાવી ગરબી બહુ સારી,
સુણી જે દેશે વીચારી,
તેના મુખ ઊપર પેબારી. તજો તમે. ૧૧
વારે વારે શું કહીયે વારૂ,
સ્નેહ કરી કહું છું, તમ સારૂ:
માનો દલપત કે, કહ્યું મારૂં. તજો તમે. ૧૨

દેકરીની આનો પસ્તાવો ગરબી. ૧૫

મા મુજને કેમ દીધીરે દેદી કંથને,
દહાડી શોધ્યાં કીયા જનમનાં વેર જો,
જન્મ સમે નવ આણ્યો ગારા અંતને,
ગળથુથીમાં ઘોળી ન પાયું ઝેર જો. મા મુજને. ૧
ઉછેરી નાંખીરે બળતી આગમાં,
ઊગરવાનો નથી હવે ઉપાય જો.
ભોગવવું દુખ લખ્યુંરે મારા ભાગ્યમાં,
રજની દહાડા રડતે વીતી જાય જો. મા મુજને૦ ૨
આવરદા મારીરે આવી લાંબી થઈ,

વરાગ નહી જે તડકે તોડયા જાય જો;
કરમ તણી કહાણી હુ કયાં જઈને કહુ,
છાય કુવાની કુવા વિગે સમાય જો. મા મુજને૦૩
શું કરવું જીવીને આં સંસારમાં,
હાવે મરતો આતમહત્યા થાયજો,
સ,ત જન્મ પકુરે સોક અપારમાં,
પાર ન આવે કરતે કરોડ ઊપાયજો, મા મુજને૦૪
રમવું ને જમવું તો મુજને નવ ગમે,
માંથે ઊગ્યાં દુખના મોહોટાં ઝાડજો,
એ દુખથી છોડાવે મુજને આ સમે,
પુરણ માનું પરમેસ્વનો પાડજો, મા મુજને૦૫
ફરી જન્મ ધરશું ત્યાંતો સુખ પામશું,
આ અવશર તો એળે ગયો અવતાર જો,
હઈયુ કઠણ રાખીને હિમત રાખશું,
ભાગે લખીયો દેવે આ ભરથાર જો. મા મુજને૦૬
પાપ નથી કીધાંરે આવડાં આ પરે,
પ્રગટી આવ્યાં પેલા ભવના પાપજો,
લેખ લખ્યા દઇવે તે ટાળા નવ ટળે,
કરમ કરે તે ન કરે માને બાપ જો, મા મુજને૦૭
દીલમાં એમ સમજીને દુખ ન માનવું.
રાખું હઇયામાં કોના ઊપર રોષ જો;
ભવ પજે કીધાં તે ભોગવી છુટવું,
દલપતના સ્વામીને ન દેવો દોષજો મા મુજને૦૮

કેફીના ધરનો હેવાલ. ગરબી ૨૦

કેફી સઈયર જેનો કંથડોરે તેના પુરણ પાપ
મનમાં ઉદાસી મટે નહી, હાંરેતપે તનડામાં તાપ, કેફી૦૧
એવો દીસે અળખામણોરે જાણે જીવનો ટળેલ,
આડા બોલો ને અફીણીયો, હાંરે એના ગામ ગળેલ કે.૨
એક ટકાની નહી આબરૂરે, પીટયો ચઉતાનો ચોર,
દાહાડી દોરાયે દરબારમાં, હારે પુઠે લોકોનો તોર. કેફી.૩
અપોચીયોને ઘણો આળસુરે, કાંતો ઊંઘે કાંતો ગાય;
રળવાની શકિત રહે નહી હાંરે રળયું રંડાનું ખાય. કે.૪
બારેથી આવે ખેબાકળોરે, હીણાં દેખાય હાડ;
ખુણે ઢાળીને પડે ખાટલો, હાંરે બઈરી છઈયાનો કાળ કે.૫
બાળકને ખાવા નહી બાજરીરે, પીટયો પ્રગટે ઉફાંદ,
છતે ધણીયે બળે છાતડી, હાંરે વેઠે રંડાપો રાંડ. કેફી.૬
લાજ હીણો લેજ નહીરે, જાણે તરણાથી તોલ;
તેવા અફીણના તોરમાં, હાંરે બોલે જુઠેરા બોલ. કે.૭
કોઇ કોઇ વખત થાય કેફથીરે, હઈયા ફુટ્યા હેરાન;
તોયે શીખ દલપતરામની, હાંરે કદી ધારે ન કાન. કે.૮

સજનોએ કેફ કરવાનો વિચાર ન રાખવો.

ગરબી ૨૧.

સજન લોક વિચારી મારી શીખામણ મન ધરીએજી;
જેમ તેમ મુખથકી ન બોલીએ, જેથી મનમાં ડરીયે.
કેફ ન કરીએજી, ૧
તાળી પાડી દોષ દોષ દેખાડી, કહુંછું દહાડી દહાડીજી;
મારૂ વેણ તમે માનો તો, તજજો દારૂ તાડી. કેફ. ૨
કેફ કરવાથી ઘટશે બાધ, ચીતળાંથી ચતુરાઈજી;

ધન ખરચી લેવી લુચ્ચાઈ, એ મોટી મુર મુરખાઇ, કે.૩
લાજ ઘટે ને કાજ ન સુધરે, એ ન બિચારે અંધોજી,
સાર નથી એવાં કાંઇ અંતે, ઘર બોવાનો ધંધો. કેફ.૪
વેદ પુરાન કુરાન કિતાબે, જોજો હેત તપાસીજી,
એ લક્ષણ તજવાથી મળશે, સઘળેથી સાબાસી. કેફ.૫
કાજી મુલાનો મત એ છે, એ છે અધ્યારૂનોજી,
હિંદુમાં ગણીહ્યાથી પણ, દોષ ઘણો દારૂનો. કેફ.૬
દારૂ સારૂ મારૂ તારૂ, ચોરચાનું ચિત થાશેજી.
કોઇ સમે સંકટ આવી, જીવ તેમાંથી જાશે. કેફ૦૭
વસ્ત્ર તજીને લાજ વિનાના, ખરની પેઠે રખડશોજી,
કહે દલપત કરમાં દીવો લઈ, કોઈ કુવામાં પડશો. કેફ.૮

કેફના અવગુણ વિશે ગરબી. ૨૨

કેફરી લોકો કેફ તણા અવગુણરે કહુ હું કેટલા,
નિરલજ નર છે, કેફ તણા કરનારરે જગમાં જેટલા, ટેક.
આ જગમાં જે નર કેફ કરે, તેના તનમાં રોગ અનેકઠરે
તેની નિસ્ચે જગમાં લાજ નરે, કેફી લોકો૦૧
તેનાં બાળક બાજરીને રડગે, તેના લેહેણાવાળા નીત નડશે
પછી ગભરાઇ બાઈડીને લડશે. કેફી લોકો૦૨
નિત્ય નવલી ફરીયાદો થાશે, કપડાં હરરાજે વેચાશે,
કેફી સરકારે દોરાશે. કેફી લોકો. ૩
બેભાન થઈ ભુલો ભમશે નરસી જગ્યામાં જઈ રમશે,
અભીમાન તજી ગાળો ખમશે. કેફી લોકો: ૪
તેને ઘરધંધો નહી હાથ ચડે. એની બુદ્ધિ જાશે કેફ વડે,
તેને રસ્તો સીધો નહી જડે. કેફી લોકો,૫

એવો આકલ હોણે કોણુ હરો, ધન ખરચાંને દુખીઆરે થશો;
કાણુ મરવા સામે પુર જશો. કેફી લોકો. ૬
નથીરે એમાં સ્વાદ કરશો, કેફથી ઉલટા હેરાન થશો;
કેફથી ઉલટા હેરાન થાશો. કેફી લોકો, ૭
લમે ચીગતથી વીચાર કરો, વળી પરમેસ્વરથી કાંઈક ડરો
દલપતની વિનતી દીલ ધરો કેફી લોકો.

કળીકાળમાં કેફીને ચેતવણી ગરબી. ૨૪

એક કારણ કહુંછું કળીકાળનુ રે લોલ,
મોટા અધમ વિકરાળનુ રે લોલ. ૧
જે કોઈ લંકાના વાશી મધુ પીવતારે લોલ;
આજ થયાછે આવી જીવતારે લોલ. ૨
ઉપર વેશ તે ઊંચા વરણુનારે લોલ.
અહાર કરે તે કુંભ કરણુનોરે લોલ,
સારાં શાસ્ત્ર ભણ્યાંને ભુલા પડેરે લોલ,
રસ્તો છોડીને રણુમાં ચડેરે લોલ, ૪
ઊંચો વરણુ કામ નીચુ કરેરે લોલ,
નામ શીવ શકતી તણુ ધરેરે લોલ, ૫
જેનો સ્પર્શ થયેથી નહાવું પડેરે,
કહેશે મધુ તે દેવીને ચડેરે લોલ. ૬
જેમાં માંહિથી દોષ મોટો રહેરે લોલ,
તેવું પીવામાં પુન્ય છે કહેરે લોલ, ૭
એની વેદના વધરી રાવણુ વંશનીરે લોલ,
કાંતો કુટુંબી હતા કંસનારે લોલ, ૮
બહુ જુગતી લાવેછે જુઠુ બોલવેરે લોલ,
ભોળા લોકોને ઘણા ભોળવેરે લોલ; ૯

કહેછે એક પુરાણે વાત છે કહીરે લોલ.
મધ પીવામાં પીવામાં પાપ છે નહીરે લોલ. ૧૦
જુઠા શ્લોક બનાવે મધુંપાનનારે લોલ,
સમજાવે જીવ અગનાનનારે લોલ. ૧૧
જે કોઈ દુષ્ટ કરવાને આવ્યેરે લોલ.
વાલ્મીક નામ તેહનું ધ રે લોલ. ૧૨
નીચ વરતીમાં નીપજ્યું જે હતુંરે લોલ;
તીરથ કરાવે નામ તેહતુંરે લોલ, ૧૩
ગ્રંથ વાંચે સભામાં શુધ ધરમનારે લોલ.
દીલમાં ભરેલું દુષ્ટ કરમનારે લોલ. ૧૪
તેમાં નામ ધરાવી હોય બામણુંરે લોલ;
કરમ કરે ને ચંડાળનુંરે લોલ, ૧૫
ભોળા લોકો ભાળશો નહી ભરમમાંરે લોલ;
નથી એ વાત તો કોઈ ધરમમાંરે લોલ. ૧૬
એવા હઠીલાની વાત નહી માનશોરે લોલ;
વાતો એ વેદમાં નથી કહીરે લોલ. ૧૭
એવું કરવું ને સાર કોણ જાણશેરે લોલ.
વાદ સભામાં કોણ તાણશેરે લોલ. ૧૮
ગાય હત્યા ગભીમાસ પાપ છોટુંછેરે લોલ.
તેથી મદીરા પાપ મોટું છે લોલ, ૧૯
એવી રીતે લખ્યું શાસ્ત્ર સરવમાંરે લોલ,
ગણતા નથી તે પાપ ગરવમાંરે લોલ. ૨૦
કહ્યું માનીને દલપતરામનુંરે લોલ,
કરવું ન કામ હરામનુંરે લોલ. ૨૧

કેફીની બઈરીના મહીના. ગરબી. ૨૪

૧ કારતક મહીને કેફી જેનો કથરે સાહેલી.
આ એ દુખનો નાવે અંત સાંભળ સહેલી,
દીવશ ઘટેને રજની મોટી થાશેરે સાહેલી,
આ કેફીની આબળાના દીન કેમ જાશે સાંભળ સાહેલી.
હીમાળાનો શીતળ વાયુ વાયરે સાહેલી,
આ એ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી.
૨ આ માગશર મહીને સુખ પાંમુ શી પેરરે સાહેલી,
આ કેફીડે તો માંડયો અકરાકેર સાંભળ સાહેલી.
આ ઊપજ ખરચની વાત કશી નવ જાણેર સાહેલી,
આ ખોઈ બેઠો નીજ બાપ તણી કમાણી સાંભળ સાહેલી;
પડયો રહે કાંઈ કેફી રસ્તા માંહરે સાહેલી
આ એ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી.
૩ પોશે તો ઘર વેચી બેઠો પાપીરે સાહેલી.
આ પીયર જવાંની રજા વહુને આપી સાંભળ સાહેલી;
જેણે મુજને પરણાવ્યું એ પાપેરે સાહેલી,
આ પેલા ભવનાં દુશ્મન માને બાપ સાંભળ સાહેલી;
એ રતમાં સાસરે જેવું સહુ ચહાવરે સાહેલી,
આ એ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી.
૪ મહા મહીનામાં બોલે લોક વસંતરે સાહેલી.
આ તે દુખણી કેફીડો જેનો કંથ સાંભળ સાહેલી,
વન પાલવ્યાં આંબે આવ્યા મોહોરરે સાહેલી,
આ દુખણી સુખ નથી જાણ્યુ કે પોહોર સાંભળ સાહેલી;
ભમર ગાન સુણી પીયુ મળવાં મન થાયરે સાહેલી.
આ એ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી

૫ ફાગણમાં નર નારી ખેલે ફાગરે સાહેલી
આ ફકીરની અબલાને અંતર આગ સાંભળ સાહેલી,
રમે જમે ને હશે મળી નર નારરે સાહેલી,
આ ફકીરની પરણેલી ખાયે ગાર સાંભલ સાહેલી,
જોવું ને રોવું બરખુણા માંહરે સાહેલી,
આ અ મહીનો એવી રીતે કેમ જાય સાંભલ સાહેલી.
૬ ચઈતરમાં કેમ ધીરજ રાખું ચીતરે સાહેલી,
આ ટેક કરે ફકીરો નીતને નીત સાંભલ સાહેલી.
સેહેણા બાળાની ફરીઆદો થાયરે સાહેલી
આ એ મહીનો એવી રીતે કેમ જાય સાંભલ સાહેલી,
૭ વીલખતે આવ્યો મહીનો વઈશાખરે સાહેલી,
આપે મૂખ ભે દીલ થાય બળીને રાખ સાંભલ સાહેલી
સુરજ તપે તો છતર આડું રાખુંરે સાહેલી,
આ દીલ દાઝે તે કોની આગલ દાખું સાંભલ સાહેલી,
રજની ઘટી ને દહાડો મોટો થાયરે સાહેલી,
આ એ મહીનો એવી રીતે કેમ જાય સાંભલ સાહેલી,
૮ જેઠે તો ઝુવલડો જલવા લાગ્યોરે સાહેલી,
આ ફકીર અબળાનો આણંદ ભાગો સાંભલ સાહેલી;
પગ દાઝતો મોજડીઓ લઈ ધારૂરે સાહેલી
આ કાલજડુ દાઝે તે કેમ કરી ઠારૂં સાંભલ સાહેલી
ફકીરાને કોઈ ન કહે સમજાયરે સાહેલી,
આ એ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી
૯ અસાડે ચડી આવ્યો છે ઘનઘોરરે સાહેલી.
આ મોટો હરખ ધરીને બોલે મોર સાંભળ સાહેલી;
ફકીર કંથ બંધીખાનામાં મહાલેરે સાહેલી,

આ પરણેલીના દીસમાં એ રત સારી સાંભળ સાહેલી;
લીલી ખરા વીધવીધનાં અંન વધારે સાહેલી,
આ એ મહીનો એવી રીતે જાય કેમ જાય સાંભળ સાહે૦
૧૦ આસરુમાં મેં શીવ પુજ્ય નવ કીધીર સાહેલી,
આ હેવે સુરને કહીને કર દીધી સાંભળ સાહેલી,
સીત ટળે તો બ્યસની જુઈ ન્યારરે સાહેલી,
આ એ સગપણ કરનારો મરજો ગોર સાંભળ સાહેલી,
ભાગ્યવંતી જે પેઉ સાથે ખેલાયરે સાહેલી,
આ એ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી
૧૧ ભાદરવે ભર જોબન એળે જાયરે સાહેલી,
આ કેહીની ખાઇરાંત કેમ સુખ થાય સાંભળ સાહેલી
નહીંયે આવ્યાં પુરસુ જવાનાં પુરરે સાહેલી,
આ પેઉ સાંભરતે આગ ઝરે છે ઉર સાંભળ સાહેલી,
આજે એથી પંખીડાં ગહકાયરે સાહેલી,
આ એ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી.
દીવાળીના દાહાડા આવ્યા માસરે સાહેલી.
આ કેહી ની ખાઇરાંતો નીત ઉદાસ સાંભળ સાહેલી;
રમે જમે ને ધરે નવા શણગારરે સાહેલી,
આ કેહીની નારીને નાવણું જાણવાર સાંભળ સાહેલી,
ગુણવંતી ગાણી ગાણીને ગરબા ગાયરે સાહેલી;
આ એ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી.
માસ અધીકમાં અધીકપણું શું કહીયેરે સાહેલી,
આ પેઉ પાધાખાને એકલાં કેમ રહીયે સાંભળ સાહેલી;
એ વરથી સુજને છોડાવા ધાયરે સાહેલી,
આ એ મહીનો એવી રીતે કેમ જાય, સાંભળ સાહેલી.

સારા માણસે કેફીની સંગત ન કરવી.

ગરબી ૨૬ મી. રાગ ધોળ.

સજ્જન સઘળાએ કેફીનો સંગ ન કરવો.
સમજી કાળા સાપ સરીખો પાપ ગણી પરહરવોરે. સ૦૧
દારૂ પીને તે હડીત સરીખો કદી વિશવાસ ન કરીએ,
ભાંગ પીએ તે ભગીયા જેવો, તેથી વેગળા રહીયેરે. સ૦૨
પીએ તાડી તે પ્રેત સરીખા, અફીણુ ખાય તે એવો,
ગાંજાખોર તે ગાંડીઆ જેવો, તે પણ તજીએ તેવોરે સ૦૩
સંગ કરવાથી રંગ વળાગે, અંગ જાશે પલટાઇ,
મનમાં ઉઠે ઊમંગ ઘણા તે, ભંગ થશે સહુ ભાઇરે, સ૦૪
પ્રથમ અફીણ પઇસા નહી લે, ઘરનું ખાશે ચોરી;
બળગાડીને થશે વેગળા, કેહેશો આંખો ચોરીરે, સ.૫
સઊને સરખા કરવા ડોસે, બોલે વાત બનાવી;
નાકકટે જેમ નાત વધારી, બીજાને ગરબાનીરે સ૦૬
ખાસે અને ઘણુ ગુણુ ગાશે, પીશે ને વળી પાશે,
જાશે જર જોબન દુખ થાશે. પછી ઘણુ પસ્તાશોરે,
આવા બોધને બેહી ઊંચા, જુઆ દુરગુણ લેશે;
સજ્જન તો સંતોષથી સુખીને, દોષ વીસારી દેશેરે, સ૦૮
દોષ તજે સંતોષથી સુખીને, રોશ ગમે તો રાખે;
દલપતરામ તો દુનીઆં મધે, દેખે તેવું દાખેરે; સ૦૯

ભરથાર વશ કરવા વિશે ગરબી. ૨૭

[ચાલણેલીરે આપે માત, જોવાને જઇએ.) એ રાગ.
ભજના નહી થાય લગાર, કામણ મંત્ર કરી,
આ મંત્ર કરો ઉચ્ચાર. વશ ભરથાર થશે.
માણુ થકી પિયુજી બો પ્યારા, ન્યારા ન રહે નાથરે;

સરવ થકી લાગોછો સારા, હું બેસાડુ તમ હાથ, કા૦૧
તન મનમાં રહું સાજી તાજી; રાજી દેખુ રાજરે;
જો કદી કાંઈ જાણું કુરાજી, ડુબ્યાં દરીયે લાજ. કા૦૨
માત પીતાએ મોટી કરીને, હેતે સાંપ્યો હાથરે;
સુખ આપો કે દુખ આપો તમે છો મુરતકના નાથ.કા૦૩
ગુણસાગર અમીર છો સ્વામી હું અવગુણ ભરી આજરે;
પોતાની ગણી પ્રરમ નીભાવે. બાંહ ગ્રહ્યાની લાજ. કા૦૪
સ્નેહ તમારો જોઈને સ્વામી. જામી ગીલકત જેમરે;
ખુબ ખુશી થઈ ન રહી ખામી, પાગી પુરણ પરેમ કા૦૫
ભલું કરયું ભગવતે મારો સફળ કરયો અવતારરે;
મેહેર કરી મન ગમતો આપ્યો, તમ સરખો ભરથાર.કા.
સગા સરવ તમ સારૂ તજીયાં, તજીયાં સઈયરના સંગરે;
દોસ્તી સરવની દુર કરી હુ, રાચી તમારે રંગ. કા.૭
આભ ઉચો ને નીચી અવની, અવર નથી આધારરે,
આશા રાખુ એક તમારી, છો સુખના દાતાર, કા૦ ૮
જો સુંદરીને રીઝે સ્વામી, તો શોભે શણગારરે,
નહીતો તે શણગાર સરવ છે, આગ તણા અંગાર. કા૦૯
દુનીયામાં નર તમને દેખું, બીજા લાખ ફકીરરે;
તુચ્છ ગણું છું તે સઘળાંને હોય અમીર વજીર. કા૦૧૦
જળજંતુને જર સંઘાથે જેવી પુરણ પ્રીતરે,
પલક પડે જો દુર તરફડે, એજ અમારી રીત. કા૦૧૧
પાર ન લે પ્રીત વરણુતાં, સ્થીર બેઠી એક ઠામરે,
રાત દીવસ કીતા રચનાજો, રચરી દલપતરામ. કા૦૧૨

રામચંદરજીએ સીતાના કાગળોનાં પાળ.

ગરબી ૨૮ મી.

(મોંમેશ મોંઘા મુલનું) એ રાગ.

સ્વસ્ત શ્રી લાંકાપુરી સોહામણી,
જ્યાંહાં રાજે છે જનક કુમારીં, પ્રીતમ લખે પ્યારીને. ૧
રહો અખંડ એવા તમતણું એવી આશીશ વાંચો અમારી
પ્રીતમ લખે૦ ૨
ગોરી દઈવના જોગે જુદાં પડયાં પણ પ્રાણ મારા તમ પાસ
પ્રીતમ લખે૦ ૩
મેલ બાગ બગીચે કે બંગલે, રહુ તમ વિના અધીકઉદાસ.
પ્રીતમ લખે૦ ૪
તારો સ્નેહ ઘડી ઘડી સાંભરે, તારો ભાવ ભુલ્યો કેમ જાય
પ્રીતમ લખે૦ ૫
મારે અરથે તમે બાલપણ થકી, તજ્યો સઘળો પરીવાર.
પ્રીતમ લખે૦ ૬
મારાં લેશ વચન નથી લોપીયાં, નથી કોપીયાં કદીએ લગાર
પ્રીતમ લખે૦ ૭
તારી નમ્રતા અમરતથી ગળી, વળી શોભીતો શાંત સ્વભાવ
પ્રીતમ લખે૦ ૮
જેથી મનની ઉદાશી તરત મટે, તારા બોલનો એવો બનાવ
પ્રીતમ લખે૦ ૯
ગોરાદે ગુણ તારા કેમ વીસરે, કેમ વીસરે વીનપભરયાવેણ
પ્રીતમ લખે૦ ૧૦
હેત હસ્તું વદન તારૂં વીનતા, મારા નીરખવા તલખે છે નેણ,
પ્રીતમ લખે૦ ૧૧
દીવસે ગુજવીના દીલમાં ગોઠે નહી, પીઉ પાણી કે જમવું અ

આજ પ્રીતમ લખે૦ ૧૨

ઘતે રોઇને આપ્યો રાતી થઈ, લોક પુછે તાં આવેછે આજ

પ્રીતમ લખે૦ ૧૩

ગોરી મનમાં ધીરજ ધરી રાખજો, કાલે બાગશે ભવનાવીજોગ

પ્રીતમ લખે૦ ૧૪

જેથી રીઝે આપણા નગપતી, એવો અહોનીશ કરવો ઉદ્યમ,

પ્રીતમ લખે૦ ૧૫

જેજે સહુ પડોશીઓ સુખછે, તેને પ્રિતથી કહેજો પ્રણામ,

પ્રીતમ લખે૦ ૧૬

શીક્ષણ મારા મીત્ર પવીત્રને કહેજો જરૂરનુ હોયજો કામ

પ્રીતમ લખે૦ ૧૭

જોઈતી વસ્તુ જરૂર મંગાવજો, કશી વાતે મુઝાશો ન મન

પ્રીતમ લખે૦ ૧૭

કાલે દેખીશુ દીવશ આનંદના, જાશે વીત્યા આ દુખભરયા

પ્રીતમ લખે૦ ૧૮

જેજે પ્યારી તમારી સાહેલીઓ તેને પણ મારા કહેજો જુહાર

પ્રીતમ લખે૦ ૧૯

સાસુ સસરાની આશીશે સુંદરી; મળશે ભામનીને ભરથાર,

પ્રીતમ લખે૦ ૨૦

વધે સ્નેહને સંપ સુજન મહી, તેવી તનમન રાખજો ટેવ;

પ્રીતમ લખે૦ ૨૧

અમે થોડી અવધે આવશું, એમ દલપતરામનો દેવ.

પ્રીતમ લખે૦ ૨૨

સીતાજીના કાગળનું ધોળ. ગરબી ૨૯,

રાગ ઉપર પ્રમાણે.

સ્વસ્તી શ્રી સ્વસ્થાન સોહામણુ, જ્યાં રાજે સદા રઘુંનાથ;
કાગળ લખે કામની. ૧

લખે લંકા થકી સીતા સુંદરી, હેતે વદે જોડી હાથ
,કાગળ લખે કા૦ ૨

પુત્ર આવ્યો તમારો પ્રીતે ભરયો, વાલા વાંચી થયોવિશરામ
કાગળ૦ ૩

પણુ જીવણુ તમથી જુદાં પડે, ઘણા દીવશ થયા ઘનસ્યામ
કાગળ૦ ૪

માટે મન મળવા અકુળાય છે, ઘડી એક તે જુગ જેવી જાય
કાગળ૦ ૫

મારાં નેણુ નીરથી નાથજી, સુતાં રજનીમાં શેજ ભીંજાય;
કાગળ૦ ૬

ઘેર ચાલો તમે ઘણી થઈ, નહીતો જીવડો જાશે જરૂર;
કાગળ૦ ૭

દૈવે પાંખો આપી હોય પિંડમાં, ઊડી આવુ દેશાવર દુર,
કાગળ૦ ૮

વાલા નિત્ય નવી વારતા વાંચીએ,જેથી પામીએ પુરોપ્રબોધ
કાગળ૦ ૯

ચતુરાઈ ચોક હું ચાલવું, આવો વિદાના કરીએ વિનોદ.
કાગળ૦ ૧૦

ત્રાંબાકુંડી ઊડી રૂડી ઓપતી, ભાવે ભરૂ માંહી હુનાં નીર;
કાગળ૦ ૧૧

બેસો બાજોઠે ચડી મારા ચોકમાં, સ્વામી નવરાવું ચોળી.
કાગળ૦ ૧૨

કરૂં સરસ રસોઇ રૂડી રીતથી, પ્રીતે પીરશી બેશું હું પાસ;

ફાગળ. ૧૩

એવા દિવસ તે ક્યારે દેખાડશો, ક્યારે અંતરની પુરશો આશ

ફાગળ૰ ૧૪

સ્વામી તમ વિના પિયર ને સાસરૂ, સુનો લાગે છે સરવ સંશાર,

ફાગળ૦ ૧૫

મારા માંથાથી મોંઘા પ્રભુ તમે, મારા આત્માનાછોઆધાર

ફાગળ૦ ૧૬

આવે પરવના દીન સુખ સરવને હુતો શોક ઊદાશીસદાય.

ફાગળ૦ ૧૭

ગાજે મેઘ ને દમકે દામની, આખી જામની જંપ ન થાય;

ફાગળ૦ ૧૮

હુતો સુની સુની સુખ સેજડી, ખાલી મંદીર ખાવાને ધાય

ફાગળ૦ ૧૭

ભરી વસ્તી ઉજડ જેવી લાગેછે, એક તમ વીના ત્રિભુન રાય.

ફાગળ૦ ૨૦

વાહાલા હુ તમને કેમ વીસરી, કેમ વિસરયું દાહાનું વતન

ફાગળ ૨૧

પત્ર વાંચીને વેહેલા પધારજો, સ્વામી શરીરનાં કરજોજતન

ફાગળ. ૨૨

કોઇને દુખીયાં દેખીને દુખીયા થતા, તેતો નાંથ તમારીછેટેવ

ફાગળ. ૨૩

આ અવસરે કેમ કઠણ થયા, તમે દલપતરાંમના દેવ,

ફાગળ. ૨૪

જ્યારે રામચંદ્રજી તથા લક્ષમણ વનવાસ ચાલ્યા ત્યારે સીતાજીયે કહ્યુ કે હું પણ સાથે આવીશ તે સમે

રામચંદ્રજીયે કહ્યું કે તમે પીયર જાઓ તે સમેનું

ધોળ.

[મામેરૂ મોંઘા મુલનું) એ રાગ. દોઢ જાસ્તી છે.

રામ લક્ષમણ વન ચાલી સીતાને આવતાં સાથ, કહે રઘુ-
નાથ, પધારો પીયર ભણી. 1

નહીંતો અહીં રહો સસરાના રાજમાં હેતે હળીમળી સાસુ
સંઘાથ, નહીંતો જોડી હાથ. પધારો. ૨

અમે વસ્તીમાં નહીં વસિયે વીનતા, અમે જઈ કરીશું વન
વાસ, તમો પામો તરાશ. પધારો. ૩

સાથે રથ કે ઘોડું નહીં રાખીયે, નહીં રાખીએ દાસી કે
દાસ કોય અમ પાસ, પધારો, ૪

તમે કોસનો પંથ કાપો નથી, ચરણે ચાલવાથી પામો થા
ક લીટી ખેંચો નાક, પધારો૦ ૫

અમે વનફળ ખાઈ ખુશીમાં રહીશું કોઈ દિવશ તો કેવળ
શાક, વિના લુણ પાક, પધારો. ૬

વનમાં નથી મંદીર નથી માળીયાં, નથી પોઢવા કાજ પ-
લંગ, રંગીત નવ રંગ; પધારો. ૭

કરશું ઘાસ કે પાનની ઝુંપડી; સુવા સાથરો તે ખુચે અં
ગ, એમાં શો ઉમગ. પધારો, ૮

વનમાં હીરનાં ચીર તો નહી મળે, વનમાં નહી મળે ફરતાં
ફુલેલ, કે તેલ ધુપેલ, પધારો. ૯

વનમાં નહી મળે શાહેલીઓ કરશુ કો સંગ ખાતેથી ખેલ
મંગ ભરેલ. પધારો. ૧૦

વનમાં ઘાતકી રહેછે રાક્ષસ ઘણા, ચારે તરફ ફરે બહુ ચો-
જેશું ઘણું જેર. પધારો. ૧૧

વનમાં વાઘ વરૂ ને વાનર જેવા; ઘણાં વિચરે જનાવર ઘોર,
બચે નહી ઢોર. પધારો. ૧૨

ઉષ્ણકાળે વાશે ઊના વાયારા, એવું દેખીને થાશો ઉદાશ.
જ્યારે જેઠ માશ. પધારો. ૧૩

વરશે મેઘ ને ઝબકસે વીજળી, તેવે ટાણે તો તરતરે વા
સ, નહી છતર પાસ, પધારો. ૧૪

મોટા પરવત દેખીને માનની. તમે નજરે જોયા નહીજાય,
દીઠે ખાવા ધાય, પધારો; ૧૫

તમે રાજકન્યા કાયા કુમળી, વનવાસનાં દુખ ના વેઠાય
કાયા કરમાય. પધારો૦ ૧૬

વનમાં અંધારૂ દેખી ડરો ઘણા, નથી નીસરયાં કદી ઘર·
બાર છો નાજુક નાર, પધારો. ૧૭

તમે બાળક વય વરસ સોળનાં, નથી સંકટ વેઠયાં લગાર,
તમે કોઈ વાર, પધારો. ૧૮

પરણી આવીને પીયર ગયાં નથી, તમને મળવાને ઈછે છે
માય, ચોંપે ચિત ચહાય, પધારો ૧૯

રાજા જનકજી તમને ઝંખે ઘણા, તેના શંદેશા આવે શદાય,
તેડાં પાછા જાય, પધારો, ૨૦

ભાત ભાતનાં ભોજન ભાવતાં, તમને મોકલસે મહીપાળ.
પુરાવી થાળ, પધારો, ૨૧

અમે અવધે ફરીને જ્યારે આવશુ, સ્નેહ લેશું તમારી
સંભાળ; પધારો ૨૨

રૂડી મીથુલાપુરી મન માનતી તેમાં પામસો પરમ વિશ્રામ;
છે બાપનુ ગામ, પધારો ૨૩

ગોરી, તમને ગમે તેમ હુ કહું. એમ દલપતરામનો સ્વામ
કહે રાજા રામ પધારો. ૨૪

સીતાજીના જવાબનું ધોળ. ગરબી. ૩૦

રાગ ઊપર પ્રમાણે.

એવું સાંભળી સીતાજી કહે સુણો સુંદર સ્યાળ શુજાણ,
પ્યારા મારા પ્રાણ, સાથે રાખો સ્નેહથી. ૧
જુદા પાડવાની વાત વહાલા કહો, તેતો બોલ લાગે તીખા
બાણ, રઘુકુળ ભાણ, સાથે. ૨
સ્વામી જ્યાં તમે ત્યાં ઘર માહરૂ, તમથી વેગળી તેપરદેશ
હું જાણુ હમેશ, સાથે. ૩
તમે જોગીનો વેશ જો ધારસો, તો હું જોગણનો ધરૂ વેશ
જટા કરૂ કેશ; સાથે. ૪
સ્વામી તમેરે સુખી તો શુખ માહરે તમે દુખમાં તો દુખ
મારે દેહ, એમાં શો સંદેહ; સાથે૦ ૫
જે કોઈ પરણ્યા પછી રહે પીયરમાં, અંવતાર બળો ધિક
એહ, મુવા જેવી તેહ; સાથે૦ ૬
સ્વામી તમ વીના મંદીર માળીયાં, ભારી પરવત મેરૂ સ-
માન, વસ્તીતો વેરાન: સાથે૦ ૭
મહા વનમાં ભરી વસ્તી ભાસશે, જ્યારે પામીશ દરશનદા
ન, કૃપાના નિધાન- સાથે, ૮
સાસુ સસરાને માત પિતા સહુ ભલે જીવો કરો રૂડાં રાજ
મને મહારાજ, સાથે. ૯
સ્વામી શું કરૂ ભાઈ ભોજાઇને, સ્વામી શું કરૂ સહચર સ
જમાજ કેનુ નથી કાજ. સાથે. ૧૦
સાચુ સગપણ જગમાં સ્વામી તણું, બીજો સ્વારથી સઘ-
ળો સંસાર, કુટુંબ પરીવાર; સાથે; ૧૧
મારાં લાડ પાલણુ તમે લાલજી, બીજો નથી આસુનો લે..

નાર, કે એક આધાર, સાથે૦ ૧૨

કાયા પ્રાણુથકી જો જુદી રહે, તો હું તમથી જુદી પડી છેક રહુ તજી ટેક. સાથે. ૧૩

જો કંઈ જળથી જુદી પડી માંછલી રાખે દુધમાં કરી વીવેક, જીવે પળ એક. સાથે૦ ૧૪

તમે સુખના સાગર રહો વેગળા, પછે શુ કરૂં રાજનેપાટ હવેલીના ઠાઠ, સાથે૦ ૧૫

મને હીરનાં ચીર ગમે નહી, મને ન ગમે ઘરેણાના ઘાટ, અટારો ઉચાટ, સાથે૦ ૧૬

હુતો તમને દીઠે થાઊં દેખતી, અણુદીઠેતો આંધળી ભીંત,
સાથે૦ ૧૭

મેતો સ્નેહ તોડી સરવ લોકથી, બાંધી તમ સંગે પુરણ પ્રીત ચોરાયું છે ચીત. સાથે૦ ૧૮

જેમનું જીવન તમથી જુદાં પડી હોય વીષ વીષનાં પકવાન તે વીખનાં નીશાન, સા૦ ૧૯

કરીએ ભોજન તમ સાથે ભાવતાં, હોય કેવળ શાક કે પાન તે મેવા સમાન. સાથે. ૨૦

સ્વામી તડકા ને તાપ વઈશાખના, તેતો જાણીશ ચંદ્રપ્રકાશ રહેં તમ પાસ. સાથે. ૨૧

મુજને મેલી જો કંથ પધારશો, આવી મળવાની ધારશો ન આશ, નકી પામુ નાશ. સાથે૦ ૨૨

કરતી વાત ઢળી પડી ધરણીએ નારી જાનકી થઈ નીરાશ કહે મેતી સ્વાસ. સાથે૦ ૨૩

દયા કરી દેવ દલપતરામને, સતી સીતાને દેખી ઉદાશ, જતાં વનવાશ. શાથે૦ ૨૪

સુધરેલી સ્ત્રી વિષે. ગરબી. ૩૨

(શેઠ શગારસા સાધુને શેવે.) એ રાગ.

જેને સુધરેલી નારીરે, સદા સુખી તે સંસારીરે. ટેક
નીરમળ નમણું દીસે નીરંતર, નેહ ભરેલાં નેણ;
મનને હરે એવાં મુખથી ખરંતા, બીણીને લઘયે વેણ. જે.
સ્વામીના મનમાં શોક કે ચિંતા જો જાણે લવ લેશ,
હેતે હસાવીને હિંમત આપે, કાપે સમુગે ક્લેશ જેને ૨
પુછીને જોતાં પ્યારા પતીની, જો મરજી ન જણાય,
પરઘેર ણા શાનું પગલુંજ માંડે, પીયર પણ નવ જાય. જે૦
વરજીના મનની મરજી પ્રમાણે કામ સદા કરનાર,
સુંદરી એ ભાગ્યશાળીના સારૂ, સરજાવી સરજનહાર. જે,
સુપનામાં કદી કોઈની સાથે, ટંટો કરે નહી તેહ,
મેલ વિનાનું મન પણ નિરમળ, નિરમળ દીસે દેહ, જે૦
આપે પ્રભુ એવો વઈભવ પામી, પામે પુરો સંતોષ,
શંકટમાં પણ સ્વામીની સાથ. રંચ ન રાખે રોષ, જેને૦
ગામમાં હોય ગરીબ પોતાથી, તેનું જુવે સુખ તોલ.
દોલતવાળાની દોલત દેખી; બોલે ન હલકા બોલ જેને૦
સ્વામીને શુદ્ધ સ્વભાવ ગમે મન, રાચે સ્વામીને રૂપ.
પર પતીને પથર જાણે હોશે જા બારે ધુપ. જેને૦૮
સાંભળે શબ્દ શીખામણના. તે જીવમાં ચોટી જાય;
દુરગુણ દેખીને દુરથી નાશે સદગુણ શીખે સદાય જેને. ૯
આળસ ઉંઘ અતીસે ન દીસે, દીસે ઉદ્યોગી અંગ
ગંદકીતો જેને દીઠી ન ગમે. ન ગમે નઠારો સંગ જે*
સ્નેહ વધારે ને સોક ઘટાડે લોકમાં પામે લાજ
એવી મળે જો આ દુનીયામાં, સ્વર્ગ ઈચ્છે શા કાજ જે૦

પુરણ પુન્યથી પુરૂષ પામે, ઉત્તમ એવી નાર,
દલપતરામ કહે દુનીયામાં ધન્ય એનો અવતાર, જેને૦ ૧૨

પ્રભાતીયું.

ઊઠની ઊઠની ઊઠની દીકરી,
કાંય રે આશ નાશ માંડી;
એમ વાણી વદી પુત્રીની માત કહે,
ઉઠરે ઊઠરે ઊઠ ડાહી. ૧
કાળ વહી જાયછે દંતધાવણ તણો,
થાયછે દુઃખ પ્રગટ સુઈ રેહેતાં.
દંતધાવન કરી સ્નાન કર ચપળ થઈ,
ભજ પછી ઈશ ઘડી તાનુ સેહેતાં. ૨
કર જરા હાજરી, ઊંદરની રૂચી થકી,
પર પછી કર પાઠ તહારો;
પાઠ કર ચીત દઈ, તજ રમત સ્વારથી થઈ,
જન્મના જન્મનો જાય મારો. ૩
જે ભલી બેહેનીઓ એમ નીત આચરે,
તે બને શરેષ્ઠ સભી સુગ્ન સાથે;
જે રમે રમતમાં તે ભમે ભરમ ગમે,
તેને અંતે અવકાશમે દુખ માથે. ૪
દાસ મોહન કહે જ્ઞાન તહાં દુખ નહી,
એમ સત સુચનાં જાણ પ્યારી;
જા હવે ગુરૂ કને સમજ કંઇ વાતને,
ચપળ ચીત રાખજે બ્હેન મહારી. ૫

સમાપ્ત.

જાહેર ખબર.

આ ચોપડી તથા બીજાં હરેક જાતનાં પુસ્તકો, અમદાવાદ સમાચાર છાપખાના માં મળશે તથા સદૈવંત શાવળી આઠ ભવની રશીક વારતા દુહા—ચોપાઇ સાથે.